# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક)-૨૦૨૩ મુખ્ય પરીક્ષાના પરીણામનું જાહેરનામું"

"Teacher Aptitude Test (secondary) TAT-(S)-2023 Mains Exam Result Notification"

જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-S Mains/૨૦૨૩/10607-10696 તા:૦૨/૦૮/૨૦૨૩

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/5921/G, તા.૨૯/૦૪/૨૦૨૩ તથા તેમાં થયેલ વખતો વખતના સુધારા ઠરાવથી ગુજરાત રાજ્યમાં નોંધાયેલી માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકેની ઉમેદવારી કરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે શિક્ષક અભિરુચિ કસોટી (માધ્યમિક) "Teacher Aptitude Test (secondary) TAT-(S)" યોજવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા ન્યુ એજ્યુકેશન પોલિસી અંતર્ગત શિક્ષક અભિરુચિ કસોટી-માધ્યમિક (TAT-Secondary) ના સ્વરૂપમાં ફેરફાર કરવામાં આવેલ હતો. જે મુજબ શિક્ષક અભિરુચિ કસોટી-માધ્યમિક (TAT-Secondary) પરીક્ષા દ્વિસ્તરીય પ્રકારની કરવામાં આવેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૦૪/૦૬/૨૦૨૩ (રવિવાર) ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક થી ૧૫.૦૦ કલાક દરમિયાન શિક્ષક અભિરુચિ કસોટી(માધ્યમિક)-૨૦૨૩ ની પ્રાથમિક પરીક્ષા(બહુવિકલ્પ સ્વરૂપ)નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૪૫૧૫૨ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેનું પરીણામ રાજય પરીક્ષા બોર્ડના તા:૧૩/૦૬/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૩/૧૭૦૬-૧૮૦૦ થી જાહેર કરવામાં આવેલ હતુ.

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૨૪/૦૬/૨૦૨૩ના પરીપત્ર ક્રમાંક:રાપબો/TAT-S/૨૦૨૩/૧૮૦૧-૪૧ થી પ્રાથમિક કસોટીમાં કટ ઓફ માર્કસ ધરાવતા ૬૦૫૬૬ ઉમેદવારો માટે મુખ્ય કસોટીના બે પેપર માટેની વર્ણનાત્મક લેખિત કસોટી તારીખ:૨૫/૦૬/૨૦૨૩ના પેપર-૧ સવારના ૧૦:૩૦ કલાક થી ૧૩:૦૦ કલાક અને પેપર-૨ બપોરના ૧૫:૦૦ કલાક થી ૧૮:૦૦ કલાક દરમ્યાન યોજવામાં આવેલ હતી. આ મુખ્ય કસોટીનું પરીણામ આજ તા.૦૨/૦૮/૨૦૨૩, બુધવારના રોજ જાહેર કરવામાં આવે છે.

ઉમેદવારો પોતાનું પરીણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર જોઇ શકાશે. જે ઉમેદવારો ગુણ ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તેઓ રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે તારીખ:૦૮/૦૮/૨૦૨૩ થી તારીખ:૨૨/૦૮/૨૦૨૩ દરમિયાન કચેરી સમય (રજાના દિવસો સિવાય) રૂબરૂમાં અરજી કરી શકશે. (ગુણ ચકાસણી માટેનો અરજીનો નમુનો આ સાથે સામેલ છે)

પરીણામ બાબતે વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે. ભરતી અને મેરીટ સંબંધિત આનુસાંગિક બાબતો ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય

ગાંધીનગરના તા.૨૯/૦૪/૨૦૨૩નાં ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/5921/G તેમજ વખતો વખતની સરકારશ્રીના ઠરાવોની જોગવાઈઓને આધિન રહેશે.

(પી. કે. ત્રિવેદી)
અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૦૨/૦૮/૨૦૨૩

**નકલ સવિનય જાણ સારૂ:**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી-શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય,ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન. સંયુક્ત સચિવશ્રી, માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જી. મ. ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ.

# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

## શિક્ષક અભિરૂચિ કસોટી (માધ્યમિક)– ૨૦૨૩ મુખ્ય પરીક્ષા

<table>
<tr><td colspan="6">ગુણ ચકાસણી માટેનું અરજી પત્રક</td></tr>
<tr><td rowspan="2">ઉમેદવારનું નામ</td><td>અટક</td><td colspan="2">નામ</td><td colspan="2">પિતાનું નામ</td></tr>
<tr><td></td><td colspan="2"></td><td colspan="2"></td></tr>
<tr><td>ઉમેદવારનું પૂરું સરનામું</td><td colspan="5"></td></tr>
<tr><td>ઉમેદવારનો મોબાઈલ નંબર</td><td colspan="5"></td></tr>
<tr><td>જાહેરાત ક્રમાંક</td><td colspan="5"></td></tr>
<tr><td>વિષયનુ નામ</td><td colspan="5"></td></tr>
<tr><td>પરીક્ષાનુ માધ્યમ</td><td colspan="5"></td></tr>
<tr><td>ઉમેદવારનો કન્ફર્મેશન નંબર</td><td colspan="2"></td><td colspan="2">ઉમેદવારનો બેઠક નંબર</td><td></td></tr>
<tr><td>પરીક્ષા કેન્દ્રનું નામ</td><td colspan="5"></td></tr>
<tr><td colspan="6">ઉપરોક્ત વિગતે દર્શાવેલ પરીક્ષામા હું જે પેપરમાં ગુણ ચકાસણી કરાવવા ઈચ્છુ છું તેની વિગતો નીચે મુજબ છે.<br><u>નોંધ: જે પેપરમાં ગુણ ચકાસણી કરાવવાની છે તે પેપરની સામે ખરાની નિશાની કરવી.</u></td></tr>
<tr><td>પેપર નંબર</td><td colspan="3">૧</td><td colspan="2">૨</td></tr>
<tr><td>ગુણ ચકાસની માટે ખરાની નિશાની કરો</td><td colspan="3"></td><td colspan="2"></td></tr>
</table>

ઉપરોક્ત પેપર નંબરની હું ગુણ ચકાસણી કરાવવા ઈચ્છુ છું. આ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત થયેલ ફીની ગણતરી નીચે મુજબ છે.

ગુણ ચકાસણી માટેના કુલ પેપરની સંખ્યા [   ] *૧૦૦ = રૂ. [   ]

અંકે રૂપિયા ............................................ પુરા હુંરાજ્ય પરીક્ષા બોર્ડમાં તા: / /૨૦૨૩ નાં રોજ પહોંચ નંબર:.................... થી રૂબરૂમાં જમા કરાવુ છું.

તા: / /૨૦૨૩      ઉમેદવારની સહી:.........................

બિડાણ:

- મુખ્ય કસોટીની હોલ ટીકીટની નકલ